**સુરત મહાનગરપાલિકા**
**હાઈડ્રોલિક વિભાગ**

**<u>પ્રેસનોટ</u>**

**<u>પૂર્વ ઝોન-એ(વરાછા) પૂર્વ ઝોન-બી (સરથાણા), સેન્ટ્રલ ઝોન (ઉત્તર વિભાગ) સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) તથા સાઉથ વેસ્ટ ઝોન (અઠવા)ના સંલગ્ન વિસ્તારોમાં તા.૦૬/૦૬/૨૦૨૪ ગુરુવારના રોજ પાણી પુરવઠો બંધ રહે/ ઓછા પ્રેશરથી/ ઓછા નહીવત જથ્થામાં મળવા અંગેની અગત્યની જાહેરાત</u>**

સુરતના શહેરીજનોને સુરત મહાનગરપાલિકા ધ્વારા અપાતી તમામ સેવાઓ શ્રેષ્ઠત્તમ કક્ષાની મળી રહે તે માટે સુરત મહાનગરપાલિકા હરહંમેશ કટીબધ્ધ છે. સુરત મહાનગરપાલિકાનાં સરથાણા વોટર વર્કસ ખાતે તા.૦૬/૦૬/૨૦૨૪, ગુરૂવારના રોજ એચ. ટી. વીજ સપ્લાય સાઈડમાં રીપેરીંગ અને મેઈન્ટેનન્સની કામગીરી કરવામાં આવનાર છે. સરથાણા વોટર વર્કસ ખાતે સદર કામગીરી તા.૦૬/૦૬/૨૦૨૪ ગુરૂવારના રોજ સવારે ૧૧:૦૦ થી સાંજે ૭:૦૦ કલાક અથવા કામગીરી પૂર્ણ થાય ત્યાં સુધી હાથ ધરવામાં આવનાર છે. સદરહુ કામગીરી માટે સરથાણા વોટર વર્કસ ખાતે પાવર સપ્લાય બંધ રહેવાના કારણે સદર સમયગાળા દરમ્યાન શહેરના વિવિધ જળ વિતરણ મથકો જેવા કે ઉમરવાડા, ડુંભાલ, કિન્નરી, ઉધનાસંઘ, ખટોદરા, અલથાણ, વેસુ-૧, વેસુ-૨, ભીમરાડ, આભવા, ડુમસ અને ગવીયર જળ વિતરણ મથકો તથા સ્માર્ટ સીટી જળ વિતરણ મથક - ૧, ૨, ૩ અને મગોબ જળ વિતરણ મથક વિગેરેને સરથાણા વોટર વર્કસ ખાતેથી પાણી પુરવઠો આપી શકાશે નહિ. જેથી સદર જળ વિતરણ મથકોને લાગુ નીચે જણાવેલ વિસ્તારોમાં ઉક્ત દિને એટલે કે તા.૦૬/૦૬/૨૦૨૪, ગુરૂવારના રોજ પાણી પુરવઠો અપુરતો/ બંધ/ ઓછા દબાણ તથા ઓછા જથ્થાથી કે નહીવત જથ્થામાં મળવાની શકયતાઓ રહેલી છે.

| અ.નં | ઝોનનું નામ | **નીચે મુજબના વિસ્તારમાં તા.૦૬/૦૬/૨૦૨૪, ગુરૂવારના રોજ પાણી પુરવઠો સંપૂર્ણ બંધ/ ઓછા પ્રેશરથી/ નહીવત જથ્થામાં રહેશે.** |
|---|---|---|
| ૧ | **નવો પૂર્વ ઝોન-બી (સરથાણા)** ઓછા પ્રેશરથી /નહીવત જથ્થામાં | **બપોરનો સપ્લાય :** (૧૨:૩૦ થી ૩:૪૫) નવો પૂર્વ ઝોન-બીમાં ટી.પી. સ્કીમ નં. ૩૮ (નાના વરાછા) ટી.પી. સ્કીમ નં. ૨૦ (નાના વરાછા-કાપોદ્રા), નાના વરાછા ગામતળ તથા તેની આસપાસની તમામ સોસાયટી/લાગુ વિસ્તારો |
| ૨ | **પૂર્વ ઝોન-એ (વરાછા)** ઓછા પ્રેશરથી /નહીવત જથ્થામાં | **બપોરનો સપ્લાય :** (સાંજે ૧૨:૩૦ થી ૩:૪૫) રેલ્વે સ્ટેશન, સુમુલ ડેરી, અશ્વનીકુમાર, ફુલપાડા, લંબે હનુમાન રોડ, ઉમરવાડા, નાના વરાછા, કરંજ, કાપોદ્રા તેમજ સીતારામ સોસાયટી અને આઈમાતા રોડ તથા તેની આસપાસનો વિસ્તાર |
| ૩ | **સાઉથ-ઈસ્ટ ઝોન (લિંબાયત)** સંપૂર્ણ બંધ | **સાંજનો સપ્લાય :** (સાંજે ૬:૦૦ થી ૧૦:૦૦) નીલગીરી સર્કલ તેમજ લક્ષ્મણનગર ફાટકની આજુબાજુનો વિસ્તાર, નવાગામ પટેલ ફળીયાની આજુબાજુનો વિસ્તાર, નંદનવન સોસાયટી, ટી.પી.સ્કીમ નં. ૩૩ (ડુંભાલ), ૩૯ પાર્ટ, ૪૦ અને ૪૧નો વિસ્તાર<br>**બપોર તથા સાંજનો :** સપ્લાય સ્માર્ટ સીટી જળ વિતરણ મથકો હેઠળ આવતો ટી. પી. સ્કીમ નં. ૦૭-(આંજણા), ૦૮-(ઉમરવાડા), ૧૯-(પરવટ-મગોબ) ,૩૩-(ડુંભાલ), ૩૪-(મગોબ-ડુંભાલ), ૫૩-(મગોબ-ડુંભાલ) તથા ૬૪-(ડુંભાલ-મગોબ)માં સમાવિષ્ટ વિસ્તારો |
| ૪ | **સેન્ટ્રલ ઝોન** ઓછા પ્રેશરથી /નહીવત જથ્થામાં | **સાંજનો સપ્લાય :** (સાંજે ૬:૨૫ થી ૧૧:૦૦) રેલ્વે સ્ટેશન,દિલ્હીગેટથી ચોક બજાર, રાજમાર્ગથી ઉત્તર તરફના વિસ્તારમાં મહીધરપુરા, રામપુરા, હરીપુરા, સૈયદપુરા, ધાસ્તીપુરા, શાહપોર-નાણાંવટ અને આજુબાજુનો સમગ્ર વિસ્તાર |
| ૫ | **સાઉથ-વેસ્ટ ઝોન (અઠવા)** ઓછા પ્રેશરથી /નહીવત જથ્થામાં | **બપોરનો સપ્લાય :** વેસુ-૧ જળ વિતરણ મથક હેઠળ આવતો સુમન સેલ, વેસુ ગામતળ, શોમેશ્વરા ચોકડી, સુડાભવન, કુષ્ણધામ,દેવદર્શન,સિધ્ધ રો હાઉસ, પીપલોદ અને સદર સોસાયટીઓનો આજુબાજુનો વિસ્તાર, ભીમરાડ જળ વિતરણ મથક હેઠળ આવતા ટીપી.૪૩ (ભીમરાડ) , ટી.પી.૪૨(ભીમરાડ-સુડા) અને ડ્રીમસીટી ખજોદ, ભીમરાડ ગામ, સરસાણા ગામનો વિસ્તાર<br>**સાંજનો સપ્લાય:** વેસુ-૨ જળ વિતરણ મથક હેઠળ સાંજે આપવામાં આવતો શ્યામ પેલેસ, શુંગાર રેસીડેન્સી, નંદની -૧, ૨, નંદનવન-૩, સંગાથ રેસીડેન્સી, સ્ટાર ગેલેક્ષી, એલ, એન્ડ ટી કોલોની, ઓ.એન.જી.સી. ફેઈઝ-૨, ફોઈનીલ, ફ્લોરન્સ, ફ્રિસ્ટલ પેલેસ તથા સદર સોસાયટીઓની આજુબાજુનો વિસ્તાર |
| | | **નીચે મુજબના વિસ્તારમાં તા.૦૭/૦૬/૨૦૨૪ શુક્રવારના રોજ પાણી પુરવઠો ઓછા પ્રેશરથી / નહીવત જથ્થામાં રહેશે.** |
| ૬ | **સાઉથ-વેસ્ટ ઝોન (અઠવા)** ઓછા પ્રેશરથી /નહીવત જથ્થામાં | **સવારનો સપ્લાય :** ડુમસ જળ વિતરણ મથક હેઠળ આવતા ગવીયર, ડુમસ, કાંદી ફળીયા, સુલતાનાબાદ,ભીમપોર ગામતળ વિસ્તાર તથા સેટેલાઈટ બંગલો, અવધ ઉટોપીયા,એરપોર્ટ, અવધ કોપરસ્ટોન, અવધ કેરોલીના, વીકેન્ડ એડ્રેસ, મેરીઓન રેસીડેન્સી, અગ્રવાલ પ્રગતિ ટ્રસ્ટ અને તેની આજુબાજુનો વિસ્તાર |

સદરહું કારણોસર સદર વિસ્તારોમાં તા.૦૬/૦૬/૨૦૨૪, ગુરૂવારના રોજ પાણી પુરવઠો અપુરતી માત્રા/ દબાણથી મળવાની શકયતાઓ રહી શકે. ઉપરોકત બાબતની જાહેર જનતાએ નોંધ લઈ, જરૂરીયાત મુજબનો પાણી પુરવઠો અગાઉથી સંગ્રહ કરી તેનો બચતપૂર્વક ઉપયોગ કરવા વિનંતી. કામગીરી વહેલી પુર્ણ થયેથી પાણી પુરવઠો રાબેતા મુજબ શરૂ કરવામાં આવશે.

જનસંપર્ક વિભાગ,સુરત મહાનગરપાલિકા તરફથી સાદર સમાચાર યાદી નં.. 57,તા.03/06/2024